# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
## એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૧૦
## (તારીખઃ ૨૧/૦૬/૨૦૨૫, શનિવાર)
## કાર્યનોંધ

**એક્ઝીકયુટીવ કાઉન્સિલની સભાઃ ૧૦, તારીખઃ ૨૧/૦૬/૨૦૨૫ને શનિવારના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

**<u>ક્રમ</u> <u>સભ્યશ્રીઓના નામઃ</u>**

(૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
(૨) ડૉ. ભાઈલાલભાઈ પી. પટેલ (કુલસચિવશ્રી)
(૩) શ્રી રાજેન્દ્રકુમાર ભૂપેન્દ્રભાઈ પટેલ
(૪) ડૉ. જીગીશભાઈ એમ. પંડ્યા
(૫) ડૉ. દર્શનભાઈ બી. ચોકસી
(૬) ડૉ. દિપ્તીબેન બી. શાહ
(૭) ડૉ. ભાવનાબેન જર્નાદન પરમાર
(૮) શ્રી કલ્પેશકુમાર રોહિતકુમાર ત્રિવેદી
(૯) ડૉ. એ. એચ. હાસમાણી
(૧૦) ડૉ. ઘનશ્યામસિંહ સોઢા
(૧૧) શ્રી નિશાંત વિક્રમભાઈ પટેલ

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**<u>ક્રમ</u> <u>સભ્યશ્રીઓના નામઃ-</u>**

(૧) ડૉ. પિનાકીનીબેન ડી. પંડ્યા (જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

**(સિન્ડિકેટ વિભાગ)**

૧. તારીખઃ **૦૪/૦૬/૨૦૨૫ને બુધવારના** રોજ મળેલ એક્ઝીકયુટીવ કાઉન્સિલની **સભાઃ ૯** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૧ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૪/૦૬/૨૦૨૫ને બુધવારના રોજ મળેલ એક્ઝીકયુટીવ કાઉન્સિલની સભાઃ ૯ ની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

૨. તારીખઃ **૦૪/૦૬/૨૦૨૫ને બુધવારના** રોજ મળેલ એક્ઝીકયુટીવ કાઉન્સિલની **સભાઃ ૯** માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લેવા બાબત. **(બિડાણઃ ૨)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૪/૦૬/૨૦૨૫ને બુધવારના રોજ મળેલ એક્ઝીકયુટીવ કાઉન્સિલની સભાઃ ૯માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લીધી.**

## (એસ્ટેટ વિભાગ)

૩. તારીખઃ ૧૦/૦૬/૨૦૨૫ને મંગળવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટીની કાર્યનોંધ મંજૂર કરવા બાબત..

**(બિડાણઃ ૩)**

(નોંધઃ તારીખઃ ૧૦/૦૬/૨૦૨૫ને મંગળવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટીની કાર્યનોંધ કમિટીના સભ્યશ્રીઓને તારીખઃ ૧૬/૦૬/૨૦૨૫ના પત્રાંક એલ/૧૫૪૮થી મોકલી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૦/૦૬/૨૦૨૫ને મંગળવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટીની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

## (એકેડેમિક વિભાગ)

૪. કા.આચાર્યશ્રી, એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદના તારીખઃ ૧૧/૬/૨૦૨૫ના પત્ર ક્રમાંકઃ NHPC/232/2024-25થી તેમની કોલેજમાં એકાઉન્ટ-કોમર્સ વિષય પધ્ધતિમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Dr. Jyoti Sureshkumar Shah એ તેમની ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય એકાઉન્ટ-કોમર્સ વિષય પધ્ધતિમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણમાં સમાવેશ કરેલ છે, તેની નોંધ લેવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો |
|---|---|---|
| 1. | Dr. Jyoti Sureshkumar Shah<br>B.Com. April-2002 70.75%<br>M. Com. (Accountancy) May-2004 60 %<br>B.Ed. March-2006 85.92%<br>M.Ed. April-2007 77.28%<br>**M. Phil. (Education) April-2008 72.75%**<br>**GSET(Education) October-2011**<br>**Ph.D. (Education) December-2017** | Assistant Professor in Account- Commerce |

સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે તેમના પત્રાંકઃ કવટ/એજી-૧/૨૦૨૫/15741-45, તારીખઃ૧/૪/૨૦૨૫થી એકાઉન્ટ-કોમર્સ વિષય પધ્ધતિમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Dr. Jyoti Sureshkumar Shah એ ફિકસ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય તારીખઃ ૧૧/૧/૨૦૨૫ થી એકાઉન્ટ-કોમર્સ વિષય પધ્ધતિમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણ સાતમા પગાર પંચ મુજબ નિયત કરવામાં આવેલ લેવલ-૧૦ એન્ટ્રી પે રૂા. ૫૭,૭૦૦/-માં સમાવેશ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં એકાઉન્ટ-કોમર્સ વિષય પધ્ધતિમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Dr. Jyoti Sureshkumar Shah એ તેમની ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય એકાઉન્ટ-કોમર્સ વિષય પધ્ધતિમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણમાં કરેલ નિમણૂંકને બહાલી આપવામાં આવી.**

## (એકેડેમિક વિભાગ)

૫. કા.આચાર્યશ્રી, એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કોલેજ, નડિયાદના તારીખઃ ૧૦/૬/૨૦૨૫ના પત્ર ક્રમાંકઃ 24/2025થી તેમની કોલેજમાં કાયદો વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Dr. Dipali Anilkumar Purohit એ તેમની ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય કાયદો વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણમાં સમાવેશ કરેલ છે, તેની નોંધ લેવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો |
|---|---|---|
| 1. | Dr. Dipali Anilkumar Purohit<br>B.Com. April-2003 53.18%<br>LL.B.(General) April-2005 52 %<br>LL.B.(Special) April-2005 53.2 %<br>LL.M. (Part : II) (Business Law) April-2008 60.07%<br>**Ph.D. (Law) September-2015**<br>**Teaching Experience :**<br>**6 Years as an Adhyapak Sahayak**<br>**1 Year as an Adhoc Assistant Professor** | Assistant Professor in Law |

સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરે તેમના પત્રાંકઃ કવટ/એજી-૧/૨૦૨૪/13337-40,તારીખઃ૧૦/૧/૨૦૨૫થી કાયદો વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Dr. Dipali Anilkumar Purohit એ ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય તારીખઃ ૧૩/૭/૨૦૨૪થી કાયદો વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણ સાતમા પગાર પંચ મુજબ નિયત કરવામાં આવેલ લેવલ-૧૦ એન્ટ્રી પે રૂ. ૫૭,૭૦૦/-માં સમાવેશ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કોલેજ, નડિયાદમાં કાયદો વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Dr. Dipali Anilkumar Purohit એ તેમની ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય કાયદો વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણમાં કરેલ નિમણૂકને બહાલી આપવામાં આવી.**

## (એકેડેમિક વિભાગ)

(એકેડેમીક વિભાગની તારીખઃ ૩૦/૦૫/૨૦૨૫ની કાર્યાલય નોંધ મુજબ)

૬. યુ.જી.સી. ન્યુ દિલ્હી દ્વારા પ્રાપ્ત થયેલ પત્રના સંદર્ભમાં, તેમજ NEP 2020ના આપણી યુનિવર્સિટી લેવલે થતી જરૂરી કાર્યવાહી અનુસંધાને, SWAYAM અંતર્ગત ઓનલાઈન લર્નિંગ અને ક્રેડિટ ટ્રાન્સફર માટે જે સરકાર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેનું સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે અસરકારક અમલ કરવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધઃ ભારતનું રાજપત્ર, તારીખઃ ૨૦/૦૭/૨૦૧૬, ભારતનું રાજપત્ર, તા. ૦૮/૦૫/૨૦૧૭ તથા યુ.જી.સી. ન્યુ દિલ્હીનાં પત્રાંક નં. D.O.F.No.1-8/2017(SWAYAM), તારીખઃ ૨૭/૦૮/૨૦૨૪(જેની નકલ બિડાણથી જોડેલ છે) ને ધ્યાનમાં રાખીને, યુનિવર્સિટી બંધારણમાં જરૂરી સુધારાઓ કરવા ભલામણ કરવા તથા SWAYAM અંતર્ગત ઓનલાઈન લર્નિંગ અને ક્રેડિટ ટ્રાન્સફરની સુવિધા અમલ કરવા માટે વિચારણા કરવા બાબત.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી. ન્યુ દિલ્હીના પત્રના સંદર્ભમાં, તેમજ NEP 2020ના આપણી યુનિવર્સિટી લેવલે થતી જરૂરી કાર્યવાહી અનુસંધાને, SWAYAM અંતર્ગત ઓનલાઈન લર્નિંગ અને ક્રેડિટ ટ્રાન્સફર માટે સરકાર દ્વારા જે વ્યવસ્થા ગોઠવવામાં આવી તે વ્યવસ્થાને યુનિવર્સિટી ખાતે અમલ કરવાની બાબત મંજૂર કરવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

૭. યુનિવર્સિટીમાં વિવિધ અનુસ્નાતક વિભાગોમાં એડહોક આસીસ્ટન્ટ પ્રોફેસર/ટેમ્પરરી ટીચિંગ આસીસ્ટન્ટની નિમણૂક (ગ્રાન્ટ-ઇન-એઇડ/સેલ્ફ ફાઇનાન્સના ધોરણે) કરવા અંગે તારીખ : ૦૯/૦૬/૨૦૨૫, તારીખ : ૧૨/૦૬/૨૦૨૫, તારીખ : ૧૩/૦૬/૨૦૨૫, તારીખ : ૧૪/૦૬/૨૦૨૫, તારીખ : ૧૬/૦૬/૨૦૨૫ તથા તારીખ : ૧૭/૦૬/૨૦૨૫ના રોજ મળેલ વિવિધ પસંદગી સમિતિઓએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

| | | |
|---|---|---|
| (નોંધ : | ૧. | યુનિવર્સિટીના પરિપત્ર નં.બી/૯-એસ.એફ./પરતા.૦૩/૦૪/૨૦૨૫થી હાલ ફરજ બજાવતા કરાર આધારિત એડહોક આસીસ્ટન્ટ પ્રોફેસર/ટેમ્પરરી ટીચિંગ આસીસ્ટન્ટને નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬થી તેમની પુનઃ નિમણૂકના ઓર્ડર રીન્યુ નહિ કરતા ભવિષ્યમાં જે-તે વિભાગની જરૂરિયાત મુજબના એડહોક આસીસ્ટન્ટ પ્રોફેસર/ટેમ્પરરી ટીચિંગ આસીસ્ટન્ટની વર્તમાનપત્રોમાં જાહેરાત આપી પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મંજૂરી મેળવ્યા બાદ અગિયાર (૧૧) માસ માટે નિમણૂક કરવાની રહેશે. તે મુજબનો પરિપત્ર અત્રેથી કરવામાં આવેલ. |
| | ૨. | ઉકત પરિપત્રના અનુસંધાનમાં જુદા જુદા વિભાગો દ્વારા તેમની જરૂરીયાતોને ધ્યાનમાં રાખી આ કાર્યાલય દ્વારા રાજ્યનાં પ્રમુખ દૈનિક વર્તમાનપત્રોમાં સદર જાહેરાત પ્રસિધ્ધ કરી ઉમેદવારો પાસેથી નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવેલ અને ઓનલાઇન અરજી કરવાની અંતિમ તારીખ : ૩૧/૦૫/૨૦૨૫નાં તથા હાર્ડકોપી કાર્યાલયને મોકલવાની અંતિમ તારીખ : ૦૫/૦૬/૨૦૨૫ સુનિશ્ચિત કરવામાં આવેલ. |
| | ૩. | જાહેરાતના સંદર્ભમાં આવેલ અરજીઓ આ કાર્યાલય દ્વારા આગળની કાર્યવાહી કરવા વિવિધ અનુસ્નાતક વિભાગોને મોકલી આપવામાં આવેલ અને સદર વિભાગોએ અરજીઓની ચકાસણી કરી નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ સ્ક્રૂટીની કરવામાં આવેલ અને તેનો રિપોર્ટ મા.કુલપતિશ્રી સમક્ષ બંધ કવરમાં રજૂ કરવામાં આવેલ. |
| | ૪. | અહીંયા એ નોંધવું જરૂરી છે કે તારીખ : ૨૯/૦૪/૨૦૨૩ના રોજ યોજાયેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ બાબત ક્રમાંક : ૦૯થી એડહોક આસીસ્ટન્ટ પ્રોફેસરને રૂા.૪૦,૦૦૦/- અને ટેમ્પરરી ટીચિંગ આસીસ્ટન્ટને રૂા.૨૭,૫૦૦/- વેતન ચૂકવવું તેમ ઠરાવેલ છે જેને તારીખ : ૨૨/૦૬/૨૦૨૩ના રોજ યોજાયેલ સિન્ડિકેટ સભાએ મંજૂરી આપેલ છે. |

**અનુસ્નાતક વિભાગોમાં Adhoc Assistant Professor/ Temporary Teaching Assistantની કરવામાં આવેલ કાર્યવાહીની વિગતવાર માહિતી નીચે મુજબ છે.**

| Adv. No. | Department | Specialization | No. of Posts | |
|---|---|---|---|---|
| | | | PG | UG |
| **Adhoc-1-2025** | Physics | --- | 01 | 01 |
| **Adhoc-2-2025** | Chemistry | Chemistry | 03 | 01 |
| **Adhoc-3-2025** | Materials Science | Materials Science/ Physics/ Chemistry | 03 | 01 |
| **Adhoc-4-2025** | Biosciences | Microbiology / Botany/ Zoology/ Biotechnology/ Biochemistry | 06 | 01 |
| **Adhoc-5-2025** | Mathematics | --- | 00 | 01 |
| **Adhoc-6-2025** | Statistics | M.Sc. Statistics | 01 | 01 |
| | " " | M.Sc. Statistics/ M.Sc. QPM | 02 | 00 |
| | " " | M.Sc. Statistics/ M.Sc. Applied Statistics | 01 | 00 |
| **Adhoc-7-2025** | Home Science | Foods & Nutrition | 03 | 02 |
| | | Food Biotechnology | 01 | 00 |
| **Adhoc-8-2025** | Electronics | Electronics | 02 | 01 |
| **Adhoc-9-2025** | **IICISST** | Life Sciences (Biomedical Science/Biochemistry/ Biotechnology/Microbiology/ Genetics/ Zoology/ Botany/ Molecular Biology) | 02 | 00 |
| (i) | B.Sc. Biomedical Science | | | |
| (ii) | B.Sc. Advanced Organic Chemistry | Chemistry/ Applied Chemistry | 02 | 00 |
| (iii) | B.Sc. Applied Chemistry | Chemistry/ Applied Chemistry | 01 | 00 |
| (iv) | B. Sc. Applied Physics | Physics/ Applied Physics | 02 | 00 |
| (v) | M.Sc. Applied Chemistry | Chemistry/ Applied Chemistry | 02 | 00 |
| (vi) | M.Sc. Biomedical Science | Life Sciences (Biomedical Science/Biochemistry/Biotechnology/Microbiology/ Genetics/ Zoology/Botany/ Molecular Biology) | 02 | 00 |

| Adv. No. | Department | Specialization | No. of Posts | |
|---|---|---|---|---|
| | | | PG | UG |
| (vii) | M.Sc. Advanced Organic Chemistry | Applied Chemistry / Chemistry | 02 | 00 |
| (viii) | M.Sc. Bioinformatics | (i) Bioinformatics<br>(ii) Computer Science | 02 | 00 |
| (ix) | M.Sc. Applied Physics | Applied Physics / Physics/ | 02 | 00 |
| (x) | M.Sc. Environmental Science | Environmental Science | 02 | 00 |
| (xi) | M.Sc. Artificial Intelligence & Machine Learning | Computer Science/ IT/ AI & ML | 01 | 00 |
| (xii) | Diploma in Medical Laboratory Technology | (i) Master in MLT<br>(ii) Master in Biochemistry/ Microbiology/Biotechnology | 02 | 00 |
| **Adhoc-10-2025** | Economics | --- | 00 | 02 |
| **Adhoc-11-2025** | Business Studies | Accountant & Taxation | 00 | 01* |
| **Adhoc-12-2025** | Sociology | --- | 00 | 01 |
| **Adhoc-13-2025** | Psychology | Psychology | 01 | 01 |
| **Adhoc-14-2025** | History | --- | 00 | 01 |
| **Adhoc-15-2025** | Political Science | Political Science | 01 | 01 |
| **Adhoc-16-2025** | Gujarati | --- | 00 | 01 |
| **Adhoc-17-2025** | English | English | 01 | 01 |
| **Adhoc-18-2025** | Hindi | --- | 00 | 01 |
| **Adhoc-19-2025** | Sanskrit | Sanskrit | 02 | 01 |
| **Adhoc-20-2025** | Social Work. | Master of Social Work in HR | 04 | 00 |
| **Adhoc-21-2025** | Law Department | - Business Law-Master in Law in Any Discipline<br>- Criminal Law<br>- Constitutional and Legal order | 05 | 02* |

| Adv. No. | Department | Specialization | No. of Posts | |
|---|---|---|---|---|
| | | | PG | UG |
| **Adhoc-22-2025** | Media Studies | M.A. in Journalism and Mass Communication **OR** M.A. in Development Communication | 01 | 00 |
| **Adhoc-23-2025** | Computer Science | Computer Science, Information Technology / Masters of Computer Applications | 05 | 00 |
| **Adhoc-24-2025** | M.B.A. | Business Analytics, Finance and HR | 03 | 00 |
| **Adhoc-25-2025** | Pharmaceutical Science | (i) Pharmaceutical Chemistry<br>(ii) Pharmaceutics,<br>(iii) Pharmacology,<br>(iv) Pharmacognosy | 13 | 02 |
| **Adhoc-26-2025** | M.Ed. & B.Ed Special Education (Intellectual Disability) | Special Education (Intellectual Disability) | 03 | 00 |

| | |
|---|---|
| ૫. | અત્રે એ ઉલ્લેખનીય છે કે અનુસ્નાતક એમ.બી.એ., બિઝનેશ સ્ટડીઝ તથા અંગ્રેજી વિભાગ એમ ત્રણ વિભાગમાં તારીખ : ૧૦/૦૬/૨૦૨૫ની મંજૂરી નોંધ અન્વયે મા.કુલપતિશ્રીના આદેશ અનુસાર નિમણૂંક પત્રો આપી દીધેલ છે. |
| ૬. | સદર પસંદગી સમિતિએ કરેલ ભલામણોને બંધ કવરમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા સમક્ષ મંજુરી અર્થે રજુ કરવામાં આવશે. |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં એડહોક આસિસ્ટન્ટ પ્રોફેસર/ટેમ્પરરી ટીચિંગ આસિસ્ટન્ટની નિમણૂક માટે જે તે પસંદગી સમિતીએ કરેલ ભલામણો મંજૂર કરવામાં આવી અને વર્કલોડને આધારે જે તે વિભાગની જરૂરીયાત મુજબ એડહોક આસિસ્ટન્ટ પ્રોફેસર/ટેમ્પરરી ટીચિંગ આસિસ્ટન્ટની નિમણૂકના પત્રો ૧૧ માસ માટે આપવા.**

**(મહેકમ વિભાગ)**

૮. યુનિવર્સિટી દ્વારા ટેકનિકલ આસીસ્ટન્ટ (Biosciences, Chemistry, Home Science, Physics) ની જગ્યા માટે પરીક્ષાનું માળખું અને પસંદગી પ્રક્રિયા મા.કુલપતિશ્રી દ્વારા નિયુકત સમિતી દ્વારા સૂચવવામાં આવેલ છે, જે બિડાણ-૧થી સામેલ છે. વધુમાં લેખિત પરીક્ષાનો વિસ્તૃત અભ્યાસક્રમ (સિલેબસ) મા.કુલપતિશ્રી દ્વારા નિયુકત જે તે વિષયના નિષ્ણાંતો દ્વારા તૈયાર કરાવવામાં આવેલ હોય જે બિડાણ-૨થી સામેલ છે. ઉકત બંને બાબતો મંજૂર કરવા અર્થે રજૂ. **(બિડાણ :૪)**

**આથી ઠરાવવામાં આવે છે કે ટેકનિકલ આસીસ્ટન્ટ (Biosciences, Chemistry, Home Science, Physics) ની જગ્યા માટે સમિતી દ્વારા સૂચવવામાં આવેલ પરીક્ષાનું માળખું અને લેખિત પરીક્ષાના વિસ્તૃત અભ્યાસક્રમને મંજૂરી આપવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

૯. **વિષય :**ડાયરેક્ટર (કોમ્પ્યુટરસેન્ટર)ની જગ્યા પર આપવામાં આવેલ નિમણૂક પત્ર ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.

**(નોંધ :** (૧) યુનિવર્સિટીની ખાલી પડેલ ડાયરેક્ટર (કોમ્પ્યુટર સેન્ટર)ની જગ્યા પર તારીખઃ ૧૬/૦૪/૨૦૨૫ના રોજ મળેલ પસંદગી સમિતિ દ્વારા શ્રીમતિ કૃપા જીગર ભાવસારની ડાયરેક્ટર (કોમ્પ્યુટર સેન્ટર) તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી અને તારીખઃ ૧૬/૦૪/૨૦૨૫ના રોજ એક્ઝીક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નં. ૫૧ થી તેમની નિમણૂકને બહાલી આપવામાં આવેલ હતી.

(૨) તદ્અનુસાર આ કાર્યાલય દ્વારા ક્રમાંકઃબી/એસ/૩/૩૧૬ તારીખઃ૧૬/૦૪/૨૦૨૫ થી તેણી શ્રીને નિમણૂક પત્ર પાઠવવામાં આવેલ હતો. નિમણૂંક પત્રની શરતમાં નીચે મુજબ દર્શાવેલ છે.

It is informed that you are required to join duties within a period of **ONE MONTH** from the date of issue of this appointment order, failing to which the appointment order is liable to be cancelled/ withdrawn and shall automatically be considered as null and void.

You are also required to intimate the acceptance of the appointment within 07 days from the issue of this order and the probable date of joining the duty.

(૩)શ્રીમતિ ભાવસાર દ્વારા આ અંગે તારીખઃ ૨૧/૦૪/૨૦૨૫ તથા તારીખઃ ૨૯/૦૪/૨૦૨૫ના ઇ-મેલ દ્વારા વિવિધ રજૂઆતો કરવામાં આવેલ જે અનુસંધાન ના જવાબમાં આ કચેરી દ્વારા તેણી શ્રીને નીચે મુજબનો ઇ-મેલ તારીખઃ ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હતો.

In response to your email dated : 21/04/2025 & 29/04/2025, you are required to strictly adhere to all the terms and conditions stipulated in the appointment order No.B/S/3/316 Dt.16/04/2025. Failure to do so shall render the appointment order null and void.

(૪) હવે શ્રીમતી ભાવસાર દ્વારા તેમનાં તા.૧૬/૦૬/૨૦૨૫ના ઇ-મેલ દ્વારા નીચે મુજબ જણાવેલ છે.

"Hello Sir/Madam, I am still ready to join for above post if you will be allow me 90 days notice periods."

(૫) આમ શ્રીમતી ભાવસાર દ્વારા ઉકત મુજબ કરેલ રજુઆત બાબતે નિર્ણય લેવા આ બાબત અત્રે રજૂ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત હાલ પૂરતી મુલત્વી રાખવી.**

## (મહેકમ વિભાગ)

### ૧૦.<u>વિષય : પરીક્ષા નિયામક(Controller of Examination) ની જગ્યા ભરવા બાબત.</u>

યુનિવર્સિટીમાં પરીક્ષા નિયામક (નવી બાબતો અંતર્ગત)ની જગ્યા ભરવા બાબતે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ **ED/SPU/e-file/3/2023/0334/KH-2** થી નવી મંજૂર કરેલ છે. જેમાં ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઓ અધિનિયમ-૨૦૨૩ના સંદર્ભે **તારીખઃ૩૧-૦૭-૨૦૨૪**ના રોજ ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીસ્ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪ હેઠળ ભરવાની કાર્યવાહી કરવાની થાય.

| | | |
|---|---|---|
| (૧) | શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ **ED/SPU/e-file/3/2023/0334/KH-2** થી નવી મંજૂર કરેલ જગ્યાઓમાં પરીક્ષા નિયામકની જગ્યા મંજુર થયેલ છે. | બિડાણ : ૧ |
| (૨) | સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં નવી બાબત તરીકે થયેલ જોગવાઇના ખર્ચને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જેમા પરીક્ષા નિયામકની જગ્યા જે-તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં પુનઃ નિમણૂક માટે મુદ્દત પૂર્ણ થયાના એક માસ અગાઉ પુનઃ દરખાસ્ત કરવા ઠરાવની શરત નં.૧૦ થી જણાવેલ છે. | બિડાણ : ૧ |
| (૩) | **Controller of Examination**ની જગ્યા બાબતે ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીસ્ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪ **Chapter-pp Section 10(4)** મુજબ **<u>"Appointment of the Controller of Examination shall be for a term of five years or till he attains the age of superannuation, whichever is earlier and he shall not be eligible for re-appointment in that university"</u>** દર્શાવેલ છે. | બિડાણ : ૨ |
| (૪) | **Controller of Examination**ની પસંદગી પ્રક્રિયા ગુજરાત પબ્લીક યુનિવર્સિટીસ્ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪ મુજબ કરવાની થાય | બિડાણ : ૨ |
| (૫) | પરીક્ષા નિયામકની હાલના પગાર ધોરણમાં સુધારા બાબતે રાજ્ય સરકારને તારીખ : ૨૫/૦૪/૨૦૨૪ના રોજ પત્ર લખવામાં આવેલ છે. હાલનું પગાર ધોરણ Rs.67,700-2,08,700) PML-11 છે. | બિડાણ : ૩ |
| (૬) | **Controller of Examination**ની શૈક્ષણીક લાયકાત તથા પગાર ધોરણ યુજીસી પ્રમાણે રાખવાના થાય. | બિડાણ : ૨ |
| (૭) | સદર જગ્યા એકાંકી છે | |

- ઉપરોકત જગ્યા **Controller of Examination** ની જગ્યાની મંજૂરી નવી બાબતો હેઠળ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ**ED/SPU/e-file/3/2023/0334/KH-2** તારીખ : ૦૭/૦૮/૨૦૨૩ થી મળેલ છે.
- તારીખ : ૧૦/૦૬/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક : સપચ/૧૩૨૦૧૨/૭૯૮/ખ-૨ તથા ઉપસચિવ શિક્ષણ વિભાગના તારીખઃ ૩૦/૦૫/૨૦૨૫ ના પત્ર નં.**ED/MIS/e-file/3/ 2025/2912/KH-2** અન્વયે રાજીનામુ/ સ્વૈચ્છિક નિવૃત્તિ/વયનિવૃત્તિ/અવસાનના કારણે ખાલી પડેલ કાયમી/ હંગામી જગ્યાઓ જો અન્ય કારણોસર રદ ન થયેલ હોય અથવા અબેયન્સમાં ના ગઇ હોય તો તેવી મંજુર

થયેલ જગ્યાઓ ભરવાની મંજુરી આપવામાં આવેલ છે તથા તારીખ : ૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં ભરવા જણાવેલ છે. (બિડાણ : ૪)

આ સાથે ઉકત જગ્યાની લાયકાતના ધારા-ધોરણો તથા અન્ય નિયમો અંગેના જરૂરી દસ્તાવેજો વધુ અભ્યાસ અર્થે બિડાણથી સામેલ કરેલ છે. સદર જગ્યા ભરવા તથા જાહેરાત આપવા માટેની મંજુરી અર્થે સાદર રજુ.

**આથી ઠરાવવામાં આવે છે કે સદર જગ્યા ભરવા માટે જાહેરાત આપવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવી.**

**(મહેકમ વિભાગ)**

૧૧. **વિષય : ડાયરેક્ટર (ફીઝીકલ એજ્યુકેશન)/ નવા નામ પ્રમાણે: ડાયરેક્ટર ઓફ સ્પોર્ટસ એન્ડ ફીઝીકલ એજ્યુકેશનની જગ્યા ભરવા બાબત.**

યુનિવર્સિટીમાં ખાલી પડેલ ડાયરેક્ટર (ફીઝીકલ એજ્યુકેશન)/**નવા નામ પ્રમાણે: ડાયરેક્ટર ઓફ સ્પોર્ટસ એન્ડ ફીઝીકલ એજ્યુકેશનની** ખાલી પડેલ જગ્યા ભરવા બાબતે આ બાબત રજૂ કરેલ છે. જેમાં ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઓ અધિનિયમ-૨૦૨૩ના સંદર્ભે **તારીખઃ ૩૧-૦૭-૨૦૨૪**ના રોજ ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીસ્ યુનિફોર્મ સ્ટેચ્યુટ્સ-૨૦૨૪ હેઠળ ડાયરેક્ટર ઓફ સ્પોર્ટસ એન્ડ ફીઝીકલ એજ્યુકેશનની જગ્યા ભરવાની કાર્યવાહી કરવાની થાય.

| | | |
|---|---|---|
| (૧) | ડાયરેક્ટર (ફીઝીકલ એજ્યુકેશન) તરીકે ફરજ બજાવતા ડૉ. ગુરુસેવકસિંગ સગ્ગુ તારીખ : ૩૧/૧૦/૨૦૨૩ના રોજથી વય નિવૃત્તિ થયેલ હોય તેમની જગ્યા ખાલી પડેલ છે. | |
| (૨) | "ડાયરેક્ટર (ફીઝીકલ એજ્યુકેશન)"ની જગ્યાના બદલે ધ ગુજરાત પ્બલીક યુનિવર્સિટીસ્ યુનિફોર્મ સ્ટેચ્યુટસ્-૨૦૨૪ ડાયરેક્ટર ઓફ સ્પોર્ટસ એન્ડ ફીઝીકલ એજ્યુકેશન તેવું નામાભિધાન દર્શાવેલ | બિડાણ : ૧ |
| (૩) | Chapter-II Section19 (4)માં જણાવ્યા પ્રમાણે "The Appointment of the Director of Sports and Physical Education shall be for a term of five years or the age of superannuation whichever is earlier, and he shall not be eligible for re-appointment in that university" ડાયરેક્ટર ઓફ સ્પોર્ટસ એન્ડ ફીઝીકલ એજ્યુકેશનની નિમણૂંક કરવાની થાય. | બિડાણ : ૧ |
| (૪) | ડાયરેક્ટર ઓફ સ્પોર્ટસ એન્ડ ફીઝીકલ એજ્યુકેશનની શૈક્ષણિક લાયકાત તથા પગાર ધોરણ યુ.જી.સી. ગાઇડલાઇન્સ પ્રમાણે રાખવાની થાય અને આ કાયમી જગ્યા છે. | |
| (૫) | ડાયરેક્ટર ઓફ સ્પોર્ટસ એન્ડ ફીઝીકલ એજ્યુકેશનની નિમણૂક ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીસ્ યુનિફોર્મ સ્ટેચ્યુટ્સ-૨૦૨૪ Chapter-pp Section 19 મુજબ કરવાની થાય. | બિડાણ : ૧ |
| (૬) | સદર જગ્યા એકાંકી છે | |

- તારીખ : ૧૦/૦૬/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક : સપય/૧૩૨૦૧૨/૭૯૮/ખ-૨ તથા ઉપસચિવ શિક્ષણ વિભાગના તારીખ: ૩૦/૦૫/૨૦૨૫ ના પત્ર નં. ED/MIS/e-file/3/ 2025/2912/KH-2 અન્વયે રાજીનામુ/સ્વૈચ્છિક નિવૃત્તિ/વયનિવૃત્તિ/અવસાનના કારણે ખાલી પડેલ કાયમી/ હંગામી જગ્યાઓ જો અન્ય કારણોસર રદ ન થયેલ હોય અથવા અબેયન્સમાં ના ગઇ હોય તો તેવી મંજુર

થયેલ જગ્યાઓ ભરવાની મંજુરી આપવામાં આવેલ છે તથા તારીખ : ૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં ભરવા જણાવેલ છે. (બિડાણ : ૨)

આ સાથે ઉકત જગ્યાની લાયકાતના ધારા-ધોરણો તથા અન્ય નિયમો અંગેના જરૂરી દસ્તાવેજો વધુ અભ્યાસ અર્થે બિડાણથી સામેલ કરેલ છે. સદર જગ્યા ભરવા તથા જાહેરાત આપવા માટેની મંજુરી અર્થે સાદર રજુ

**આથી ઠરાવવામાં આવે છે કે સદર જગ્યા ભરવા માટે જાહેરાત આપવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવી.**

**(મહેકમ વિભાગ)**

૧૨. **વિષય : ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ ઓફિસર (મુખ્ય હિસાબી અધિકારી)ની જગ્યા ભરવા બાબત.**

યુનિવર્સિટીમાં ખાલી પડેલ મુખ્ય હિસાબી અધિકારી (નવા નામ પ્રમાણે: ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ ઓફિસર)ની ખાલી પડેલ જગ્યા ભરવા આ બાબત રજૂ કરેલ છે. જેમાં ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઓ અધિનિયમ-૨૦૨૩ના સંદર્ભે **તારીખ:૩૧-૦૭-૨૦૨૪**ના રોજ ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીસ્ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪ હેઠળ ભરવાની કાર્યવાહી કરવાની થાય.

| | | |
|---|---|---|
| (૧) | મુખ્ય હિસાબી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી એન. કે. ભટ્ટને તારીખ:**૨૫/૧૦/૨૦૨૩ ના રોજથી બરતરફ કરાયેલ હોય તે જગ્યા ખાલી પડેલ છે.** | |
| (૨) | **"મુખ્ય હિસાબી અધિકારી"ની જગ્યા ના બદલે ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીસ્ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪ "ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ ઓફિસર" તેવું નામાભિદાન દર્શાવેલ છે.** | બિડાણ : ૧ |
| (૩) | Chapter-pp Section- ૧૨(૭) મુજબ **"The Appointment of the Finance and Accounts Officer shall be for a term of five years or the age of superannuation whichever is earlier, and he shall not be eligible for re-appointment in that university"** નિમણૂક કરવાની થાય | બિડાણ : ૧ |
| (૪) | આ યુનિવર્સિટીમાં સાતમા પગાર પંચના ઠરાવ મુજબ **Chief Accounts Officer** ની જગ્યા મંજૂર કરવામાં આવેલ છે. જે જાણ સારૂં. | બિડાણ :૨ |
| (૫) | ચીફ એકાઉન્ટ ઓફિસરના હાલના પગાર ધોરણમાં સુધારા તથા નામાભિધાન બદલવા બાબતે રાજય સરકારને તારીખ : ૨૫/૦૪/૨૦૨૪ના રોજ પત્ર લખવામાં આવેલ છે. હાલ ચીફ એકાઉન્ટ ઓફિસરનું પગાર ધોરણ Rs.67,700-2,08,700 PML-11 અને આ કાયમી જગ્યા છે. | બિડાણ : ૩ |
| (૬) | ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ ઓફિસરની શૈક્ષણીક લાયકાત તથા પગાર ધોરણ યુજીસી પ્રમાણે રાખવાના થાય | |
| (૭) | ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ ઓફિસરની પસંદગી પ્રક્રિયા ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીસ્ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪ મુજબ કરવાની થાય | |
| (૮) | સદર જગ્યા એકાંકી છે | |

- સરકારશ્રીના સાતમા પગાર પંચના તારીખ : ૦૮/૦૧/૨૦૧૮ના ઠરાવ અનુસાર પરિપત્ર ક્રમાંક : સપચ/૧૩૨૦૧૨/૭૯૮/ખ-૨ સદર જગ્યા મંજુર થયેલ છે. (બિડાણ : ૪)
- તારીખ : ૧૦/૦૬/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક : સપચ/૧૩૨૦૧૨/૭૯૮/ખ-૨ તથા ઉપસચિવ શિક્ષણ વિભાગના તારીખઃ ૩૦/૦૫/૨૦૨૫ ના પત્ર નં.ED/MIS/e-file/3/2025/2912/KH-2 અન્વયે રાજીનામુ/ સ્વૈચ્છિક નિવૃત્તિ/વયનિવૃત્તિ/અવસાનના કારણે ખાલી પડેલ કાયમી/ હંગામી જગ્યાઓ જો અન્ય કારણોસર રદ ન થયેલ હોય અથવા અબેયન્સમાં ના ગઇ હોય તો તેવી મંજુર થયેલ જગ્યાઓ ભરવાની મંજુરી આપવામાં આવેલ છે તથા તારીખ : ૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં ભરવા જણાવેલ છે. (બિડાણ : ૫)

આ સાથે ઉકત જગ્યાની લાયકાતના ધારા-ધોરણો તથા અન્ય નિયમો અંગેના જરૂરી દસ્તાવેજો વધુ અભ્યાસ અર્થે બિડાણથી સામેલ કરેલ છે. સદર જગ્યા ભરવા તથા જાહેરાત આપવા માટેની મંજુરી અર્થે સાદર રજુ.

**આથી ઠરાવવામાં આવે છે કે સદર જગ્યા ભરવા માટે જાહેરાત આપવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૧૩. શીવમ્ એજયુકેશન ટ્રસ્ટ, આણંદ દ્વારા સંચાલિત બી. એન. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ, આણંદમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૫-૨૬થી બી.એસસી.નર્સિંગ અભ્યાસક્રમ ચાલુ કરવા માટે નવા જોડાણ માટે સ્ટેચ્યુટ 275 પ્રમાણે 'બોર્ડ ઓફ ડિન્સ'ની રચના કરી નવા એફિલીએશન માટે તારીખઃ ૨૯/૦૫/૨૦૨૫ ગુરૂવારના રોજ 'બોર્ડ ઓફ ડિન્સ' ની મિટીંગમાં સ્કુટીની કરવામાં આવી હતી. જેનો અહેવાલ નીચે મુજબ છે. **(બિડાણઃ ૫)**

- સંસ્થા 5 એકર જમીન ધરાવતી નથી.
- સંસ્થાની જમીનનું બીન ખેતીલાયક પ્રમાણપત્ર જોડેલ નથી.
- **B.Sc.Nursing** માટે ની બિલ્ડીંગ **B.U.** પ્રમાણપત્ર ધરાવતી નથી.
- **B.Sc.Nursing** માટે જે બિલ્ડીંગ બતાવેલ છે. તેમાં બી. એન. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ પેરામેડિકલ સાયન્સ, આણંદના અભ્યાસક્રમો ચાલે છે.
- સંસ્થા **B.Sc.Nursing** ના અભ્યાસક્રમ માટે અલાયદુ બિલ્ડીંગ ધરાવતી નથી .
- સંસ્થા દ્વારા કોલેજ બિલ્ડીંગના સ્થળફેર માટે યુનિવર્સિટીની અગાઉથી મંજૂરી મેળવેલ નથી.

ઉપરોકત સંસ્થાના **L.O.I (Letter of Intent)** સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મેળવવા માટે ઉચ્ચશિક્ષણમાંથી મંજૂરી મેળવીને આગળની કાર્યવાહી માટે વિચારણા કરવા બાબત...

**આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત પબ્લીક યુનિવર્સિટી યુનિફોર્મ સ્ટેચ્યુટ-2024 અનુસાર એફિલીએશનની કાર્યવાહી કરવી.**

## (આઈ.ક્યુ.એ.સી.વિભાગ)

૧૪. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી યુનિફોર્મ સ્ટેચ્યુટ-2024 મુજબ CAS સિનિયર પ્રોફેસર (લેવલ 14 થી લેવલ 15) પ્રમોશન માટે સ્ટેચ્યુટ-220 (D) (e) અને UGC ના આ અંગેના પ્રવર્તમાન નિયમોને આધીન પ્રમોશન આપવાની પ્રક્રિયા શરૂ કરવાની મંજૂરી અર્થે એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભા સમક્ષ રજુ.

**આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત પબ્લીક યુનિવર્સિટી યુનિફોર્મ સ્ટેચ્યુટ-2024 મુજબ CAS સિનિયર પ્રોફેસર (લેવલ 14 થી લેવલ 15) પ્રમોશન માટે સ્ટેચ્યુટ-220 (D) (e) અને UGC ના પ્રવર્તમાન નિયમ અનુસાર કાર્યવાહી કરવી.**

## (મહેકમ વિભાગ)

૧૫. **વિષયઃ** યુનિવર્સિટીનાં સબંધકર્તા વહીવટી અધિકારીઓનો ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ-૨૦૨૪ મુજબ CAS અંતર્ગત પ્રમોશન આપવા બાબત.

**સંદર્ભઃ** (૧) તારીખઃ ૨૪-૦૨-૨૦૨૫નાં રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની સભા-૭ ના બાબત ક્રમાંકઃ ૩૪.

(૨) તારીખઃ ૦૪-૦૬-૨૦૨૫ નાં રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની સભા-૯ ના બાબત ક્રમાંકઃ ૨૮.

નોંધઃ(૧) ઉપરોક્ત સંદર્ભ ડૉ. મયંક ભટ્ટ મદદનીશ કુલસચિવની તારીખઃ ૨૦/૦૬/૨૦૨૫ ની રજૂઆત વંચાણે લેવા બાબત.

(૨) ઉપરોક્ત સંદર્ભ ડૉ. જાગૃતિ પી. સુવેરા નાયબ કુલસચિવની તારીખ : ૨૧/૦૬/૨૦૨૫ની રજૂઆત વંચાણે લેવા બાબત.

(૩) ઉપરોક્ત સંદર્ભ ડૉ. વૈદેહી બી. પટેલ મેડીકલ ઓફીસરની તારીખ : ૨૧/૦૬/૨૦૨૫ની રજૂઆત વંચાણે લેવા બાબત.

**ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ -૨૦૨૪ મુજબ CAS પ્રમોશન બાબતે યુનિવર્સિટીના કર્મચારીઓને રજૂઆતને ધ્યાને લઇને ચર્ચા વિચારણાને અંતે સભા દ્રારા ઠરાવવામાં આવ્યું કે એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભા નંબરઃ ૯ ની બાબત ક્રમાંક :૨૮ માં સુધારો હોઇ તે ઠરાવને રદ કરીને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.**

**આથી ઠરાવવામાં આવે છે કે વહીવટી અધિકારીઓના પ્રમોશન અન્વયે માનનીય કુલપતિશ્રી દ્રારા નિયુકત કરેલ સમિતીની ભલામણોને સભા સમક્ષ રજુ કરવામાં આવી અને ગહન ચર્ચા વિચારણાના અંતે ઠરાવવામાં આવ્યું કે સમિતીના સૂચનો મુજબ સ્ટેચ્યુટઃ ૨૨૦ (b) (i) અંતર્ગત ૨ અરજીઓ (ડૉ. જાગૃતિ સુવેરા અને ડૉ. વૈદેહી પટેલ) અને સ્ટેચ્યુટઃ ૨૨૦ (b) (ii) અંતર્ગત ૨ અરજીઓ (ડૉ. મયંક ભટ્ટ અને શ્રીમતી ઇનાક્ષી દેસાઇ)ના અરજદારો સદર પ્રમોશન માટે લાયકાત ધરાવે છે. વધુમાં ઠરાવવામાં આવે છે કે સદર કર્મચારીઓને તેઓના અનુભવની લાયકાત પૂર્ણ થયાની તારીખથી પ્રમોશન (CAS) આપવું જોઇએ. સદર બાબત અંગે રાજય સરકારશ્રીમાં દરખાસ્ત મોકલી, સરકારશ્રીની મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની થાય, અને હાલમાં જયાં સુધી પાછલી અસરથી પ્રમોશન આપવા અંગે સરકારશ્રીની મંજૂરી ન આવે ત્યાં**

**સુધી સ્ટેમ્પ પેપર પર બાહેંધરી મેળવી જે તે કર્મચારીને લાગુ પડતું પ્રમોશન તારીખઃ ૦૧/૦૮/૨૦૨૪ની અસરથી આપવું.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે ડૉ. મયંક ભટ્ટને સદર પ્રમોશન સાથે મદદનીશ કુલસચિવ માંથી નાયબ કુલસચિવનો હોદ્દો આપવા અંગે તેઓના અનુભવને ધ્યાને લઇ પ્રમોશન સાથે નાયબ કુલસચિવનો હોદ્દો આપવાનું ઠરાવવામાં આવે છે.**

કુલસચિવ

નંબરઃ કે.૧/1879
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૭/૦૬/૨૦૨૫

પ્રતિ,
એક્ઝીક્યુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ જોગ.